ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૮ ટકા

## તરસ લાગે ત્યારે કૂવો ગાળવા ન બેસાય

# સે-૧૩માં પાઈપલાઈનોમાં ભંગાણ થવાથી પીવાના પાણીનો વ્યય

ગાંધીનગર, તા. ૨૩

સે. ૧૩ના છાપરા પાછળ રેલવેલાઈનના ગરનાળામાં પાણીની પાઈપલાઈન ઘણા સમયથી લીકેજ થઈ રહી છે. જેમાં અસહ્ય પાણીનો બગાડ થઈ રહ્યો છે. અને આ વિસ્તારમાં આવતા જતા નાગરિકોને નડતરરૂપ થઈ રહ્યું છે.

કુદરતી સંપત્તિના અખૂટ ભંડાર એવા જળનો વ્યય થતો અટકાવવો જરૂરી બન્યો છે. સાથે જળસંચય અંગેની જાગૃતિ પણ જરૂરી છે. "તરસ લાગે ત્યારે કૂવો ગાળવા ના બેસાય" આ કહેવત છે તે સમજીને પાણી વેડફાઈ જાય એ પહેલાં જ કૂવા ગાળવાના, પાણી બચાવવાના પ્રયત્નો કરવા જોઈએ.

શહેરમાં અવારનવાર પાણીની પાઈપલાઈનોમાં લીકેજ અથવા અન્ય કારણોસર પાઈપલાઈનો તૂટવાના કિસ્સા બનતા આવ્યા છે. જેમાં ભરપૂર પાણીનો વેડફાટ થતો જોવા મળે છે. અને તાત્કાલિક કાર્યવાહી ન થવાથી પાણી આસપાસના વિસ્તારમાં કાદવકીચડ અને ઘણી જગ્યાએ તળાવ જેવી પરિસ્થિતિઓ ઉભી થાય છે. વગર ચોમાસે વરસાદનું પાણી ભરાતુ હોય તેવા દશ્યો થઈ જાય છે.

એક ટપકતા નળથી દર સેકન્ડે એક ટીપું બરબાદ થવાથી દર મહિને ૭૬૦ લીટર પાણી અમસ્તુ જ વેડફાઈ જાય છે. સીધા જળ નીચે જ નહાવાથી ૯૦ લિટર પાણી વપરાય છે. નળ સારી રીતે બંધ ન કરવાથી એક મિનિટમાં ૩૦ ટીપાં અને વાર્ષિક ૪૬ હજાર લિટર પાણી વેડફાઈ જાય છે.





પાઈપ વડે કાર ધોવાથી, નળથી શાકભાજી ધોવાથી અને પાઈપથી બગીચામાં પાણી છાંટવાથી પાણીનો વધુ બગાડ થાય છે. ૨૦૨૫ સુધીમાં દુનિયાના ૧૮૦ કરોડ નાગરિકો એવા દેશોમાં રહેતા હશે જ્યાં પાણી સાવ ખલાસ થઈ ગયુ હશે. હાલમાં જે ઝડપથી ભારતમાં પાણી ખેંચવામાં આવી રહ્યું છે તે જોતાં ૨૦૩૮ સુધીમાં ૬૦ ટકા ભૂગર્ભ જળભંડાર ખાલી થઈ જશે. ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાના પાણીનું માત્ર ૩૫ ટકા જ રિસાઈકલ થાય છે. જ્યારે ૬૫ ટકા ગંદુ પાણી ટ્રીટમેન્ટ કર્યા વગર નદી-નાળામાં વહાવી દેવાય છે.

આમ પાણીની કે ગટરની પાઈપલાઈનોમાં ભંગાણ થવાથી આસપાસના વિસ્તારમાં રહિશોને મુશ્કેલીઓ થાય છે. સેક્ટર-૧૩ના છાપરા પાછળ ગંદકી તો હોય જ છે એમાં આ વધારાની ગંદકીનું કારણરૂપ બની ગયુ છે. આ વિસ્તારમાંથી પસાર થતા નાગરિકોને ગંદકીનો સામનો કરવો પડતો હોય છે. અને પાણી ભરાઈ રહેવાથી રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. તેથી તાત્કાલિન ધોરણે આ વિસ્તારમાં પાણીની પાઈપલાઈનનું રીપેરીંગ કામ થવું જોઈએ જેથી પાણીનો વ્યય થતો અટકે. ઘણા વિસ્તારોમાં પાણીની તંગી હોવાથી ટેન્કરો બોલાવવા પડે છે. જાગૃત નાગરિકો દ્વારા અવારનવાર ફરિયાદો કરવામાં આવે છે તેમ છતાં પાણીનો વ્યય અટકતો નથી. સામાજીક સંસ્થાઓ દ્વારા પાણી બચાવો અંતર્ગત જાગૃતિ અભિયાનો પણ કરવામાં આવે છે તેમ છતાં શહેરમાં પાણીનો વ્યય થવાની સમસ્યાઓ વધી રહી છે.

# મધુર ડેરી દ્વારા દૂધ મંડળીઓના સભાસદોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ મધુર ડેરી દ્વારા ગાંધીનગર જિલ્લા દૂધ સંયોજિત દૂધ મંડળીઓના સભાસદોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ અધ્યક્ષ તરીકે ગાંધીનગર જિલ્લા મહામંત્રી રમણભાઈ દેસાઈ મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા દૂધ સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, સંઘના બોર્ડ ઓફ ડિરેકટર્સ, મેનેજીંગ ડિરેકટર રોહિતકુમાર મહેતા, દૂધ સંઘ સથે સંકળાયેલા દૂધ મંડળીઓના ચેરમેન, મંત્રી તથા કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. આ




કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ગાંધીનગર જિલ્લા દૂધ સંઘમાં ઈસનપુર મોટા દૂધ મંડળી, છાલા દૂધ મંડળી તથા મહિલા દૂધ મંડળી જેવી કે ડભોડા દૂધ મંડળી તથા સોનારડા દૂધ મંડળી માણસા દૂધ કેન્દ્રમાં એકત્ર તથા દૂધમાં ઈટાદરા તથા કલોલ તાલુકાના ખોરજ ડાભી દૂધ મંડળી દ્વારા સૌથી વધારે દૂધ ભરાયેલ છે. આ બધી જ દૂધ મંડળીઓના સંચાલકોને સન્માપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. દૂધ મંડળીને સરકારે જાહેર કરેલ ખેડૂત આઈપોર્ટલ દ્વારા દૂધઘર બંધકામ યોજનામાં પ્રાંતીય દૂધ મંડળીને રૂ. ૩,૭૫,૦૦૦નો ચેક અર્પણ કરાયો હતો. ડૉ. વર્ગીસ કુરિયનની ૧૦૦મી જન્મ જયંતિ નિમિત્તે જીસીએમએમએફ દ્વારા જિલ્લા દૂધ સંઘો સાથે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યુ હતું. તે ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ગાંધીગનર જિલ્લા દૂધ સંઘ મધુર ડેરી વિજેતા બનેલ હતી. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન સંસ્થાના જનરલ મેનેજર હંસાબેન પટેલે કર્યુ હતું.

# સેકટર-૨૬ ગ્રીનસીટીમાં રામજન્મ પ્રાગટય મહોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી




ગાંધીનગર, તા.૨૩

ગ્રીનસિટી સેકટર-૨૬માં શ્રી પ્રફુલદાસ વેડાની વ્યાસપીઠે રામકથા ચાલે છે. જેમાં ગ્રીનસીટીની માતાઓ બહેનો દ્વારા રામજન્મ પ્રાગટ્ય મહોત્સવની ભારે ઉત્સાહ આનંદ સાથે ઉજવણી કરાઈ હતી. કથાનો માહોલ હાલ ખૂબ જ સારો જામ્યો છે અને વક્તા શ્રી દ્વારા દ્રષ્ટાંતો સાથે માનસ મારુતિ હનુમાનજી ના વિચારો પર ભક્તોને સુંદર કથાનું રસપાન કરવામાં આવી રહ્યું છે. કથામાં પૂર્વ કોર્પોરેટર હંસાબા ધાધલ, મણીબેન દેસાઈ અને સુલોચનાબેન ઉપાધ્યાયએ ભગવાન રામના માતૃશ્રી તરીકે સહયોગી થયા હતા. કથાના આયોજનમાં ખોડભાઈ મકવાણા એ સારો સહકાર આપ્યો હતો. રામકથાના પાંચમા દિવસે પ્રજાપિતા ઈશ્વરીય બ્રહ્માકુમારી કિસાન નગર કેન્દ્રના સંચાલિકા બી.કે. ધર્મિષ્ઠાદીદી અને પેથાપુર કેન્દ્રના સંચાલિકા બી.કે. શિલ્પાબેન હાજર રહ્યા હતા. હનુમાનજી મંદિરમાં બ્રહ્માકુમારી સંસ્થાના સ્વાધ્યાયી જશોદાબેન દ્વારા નિયમિત સ્વાધ્યાય કરવામાં આવે છે તથા સોનલબેન પંડ્યા દ્વારા મહિલાઓ માટે નિઃશુલ્ક યોગ તાલીમ વર્ગ ચલાવવામાં આવે છે તેની માહિતી સૌને આપી આધ્યાત્મિકતા અને સ્વાસ્થ્ય બાબતે સજાગ રહેવા જણાવ્યું હતું.

## જન્મદિને વધામણી



અમીતા ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



પ્રમોદ દવે
મો. ૯૪૨૭૩ ૦૦૪૧૯



શૈલેષભાઈ મંગળદાસ પટેલ
મો. ૯૯૧૩૬ ૧૨૨૨૧



નિવાન મિલન પ્રજાપતિ



હની અનિલકુમાર લોધા

# જે.બી. પ્રાથમિક શાળા દ્વારા પ્રકૃતિ શિક્ષણ શિબિર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં ગુજરાત સરકારના વન ચેતના સેકટર-૨૦ દ્વારા પ્રકૃતિ શિક્ષણ શિબિરનુંઆયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ધોરણ ૭ અને ૮નાં ૫૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ



લીધો હતો. આ ત્રણ દિવસીય શિબિર દરમિયાન બાળકોને પ્રકૃતિ તેમજ તેમની વચ્ચે રહેલા પશુ પંખી, વૃક્ષો, વેલા, ઔષધીય વનસ્પતિ વિશેની સમજ આપવામાં આવી હતી. આ શિક્ષણ શિબિરમાં બાળકોએ પર્યાવરણ પ્રદૂષણ, ભૂમિ પ્રદૂષણ, તહેવારોની ઉપયોગીતા અને સાવધાની જેવા વિષય ઉપર નાટકો ભજવ્યા હતા. વિશાલભાઈએ બાળકોની સાથે રહીને વૃક્ષોની ઉપયોગીતા તથા મહત્વ સમજાવ્યું હતું. આચાર્ય નીવાબેન પટેલે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું સુંદર આયોજન કરવા બદલ ગુજરાત સરકારના વનવિભાગ સંસ્થાનો આભાર વ્યકત કર્યો હતો.

# લાયોનેસ કલબ દ્વારા ઊમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયું






ગાંધીનગર, તા.૨૩

ઊમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સોલા ખાતે લાયોનેસ કલબ ઓફ ગાંધીગનર દ્વારા એજયુકેશન ઈન પોસ્ટ કોવિડ ઈરા ચેલેન્જ એન્ડ ઈવોલ્યુશન વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમમાં વિષય નિષ્ણાંત અરવિંદભાઈ રાણ, લાયોનેસ કલબના પ્રમુખ નીતાબેન રાણા, સેક્રેટરી ઉષાબેન ટાટુ, કોલેજના આચાર્યા સંગીતાબેન ઘાટે તથા કોલેજના પ્રાધ્યાપકો અને ૪૦૦ જેટલી વિદ્યાર્થીની બહેનો ઉપસ્થિત રહી હતી. જેમાં મુખ્ય વકતા અરવિંદભાઈ રાણાએ દીકરીઓને જણાવ્યું હતું કે હવે કોવિડનો ભય દૂર કરવા આંકડાકીય તથ્યો રજૂ કરી વિદ્યાર્થીઓને પોતાની માનસિકતા બદલવા તથા કોવિડ પહેલાં જે રીતે અભ્યાસ કરતા હતા તે જ રીતે પુનઃ અભ્યાસ કરવા અનુરોધ કર્યો હતો. કોલેજના આચાર્યા સંગીતાબેન ઘાટેએ આ વ્યાખ્યાન અંગે ઉદબોધન આપ્યું હતું.

## શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ ૨૬મીના રોજ બપોરે ૩.૦૦ કલાકે યોજાશે. જે શ્રી વિશ્વકર્મા સેવાસમાજ સંકુલ, સે-૧૩ના હોલમાં રાખેલ છે. આ સંસ્થાના તમામ સભ્યોને કાર્યક્રમમાં હાજર રહેવા સંસ્થાના પ્રમુખ બિપીનભાઈ ગજ્જર તથા મંત્રી રસિક એસ. ગજ્જરએ જણાવ્યું હતું.

# આર્શ ફિઝીયોવેદીક સેન્ટર દ્વારા ૨૬મીએ ધન્વંતરી મહાયજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

આર્શ ફિઝીયોવેદીક સેન્ટર દ્વારા ધન્વંતરી મહાયજ્ઞનું આયોજન ૨૬મીના રોજ કરેલ છે. જે વગડાવાળી ચેહરમાં મંદિર, સેકટર-૩ ખાતે સવારે ૯ થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે. આ ઉપરાંત આયુર્વેદ તથા ફિઝીયોથેરાપીના નિષ્ણાંતો દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પ તથા રોગ પ્રતિકારક શકિતવર્ધક આયુર્વેદિક ઉકાળાના વિતરણનું આયોજન સવારે ૮ થી ૧૧ સુધી જાહેર જનતા માટે કરેલ છે તથા આ યજ્ઞમાં આહુતી આપવા માટે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. www.aarshphysiovedic.com વેબસાઈટ પર વધુ વિગતો માટે માહિતી મેળવી શકાશે.

# જીઆઈપીએસ શાળામાં ક્રીસમસ દિનની ઉજવણી




ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રી-પ્રાઈમરી વિભાગમાં ઓનલાઈન ક્રીસમસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉજવણીની સાથે સાથે નાના ભૂલકાઓએ સાંતાકલોઝનો પહેરવેશ ધારણ કરીને ક્રીસમસ દિવસની શુભેચ્છઓ પાઠવી હતી. સ્કૂલના શિક્ષકોના માર્ગદર્શન સાથે ઓનલાઈન ક્રીસમસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. રાઠોડ બાલસંગ બબસંગ, ઉ.વ. ૬૫, સે-૧૪, ગોકુળપુરા
- સ્વ. ઠાકોર ગજરાબેન હેમતુજી, ઉ.વ.૬૦, લેકાવાડા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. રાઠોડ ચીમનભાઈ દાનજીભાઈ, ઉ.વ. ૭૫, સેકટર-૮

# ગાંધીનગર ખાતે બાળકોના સર્વાંગી વિકાસ અને શાળા સજ્જતા માટેના 'પા પા પગલી' પ્રોજેક્ટનો આરંભ




ગાંધીનગર, તા.૨૩

હવે, રાજયના બાળકોના સર્વાંગી વિકાસ માટે આંગણવાડીની બેનોની જવાબદારી 'પા પા પગલી' પ્રોજેક્ટ થકી મહત્વની બની રહેશે, તેવું આજરોજ ગાંધીનગર ખાતેથી પા પા પગલી પ્રોજેક્ટનો આરંભ કરાવતાં મહિલા અને બાળ વિકાસ રાજય મંત્રી શ્રી મનિષાબેન વકીલે જણાવ્યું હતું.

આંગણવાડીના ૩ થી ૬ વર્ષની ઉમરના બાળકોના સર્વાંગી વિકાસ અને સ્કૂલ માટે શૈક્ષણિક તૈયારી માટે રાજય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલા 'પા પા પગલી' પ્રોજેક્ટનો આરંભ કરાવી મંત્રી શ્રી મનિષાબેન વકીલે જણાવ્યું હતું કે, બાળકોમાં ૩ થી ૬ વર્ષની ઉમર સુધીમાં શીખવાની અને સમજવાની ક્ષમતા વધુ હોય છે. બાળકના જન્મથી ત્રણ વર્ષ સુધી બાળકોને બોલવા, સાંભળવા, જોવા અને અન્ય પ્રક્રિયાનો પ્રતિસાદ આપવાની ક્રિયાઓ પરિવારજનો દ્વારા આપવામાં આવે છે. પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ અને સ્કૂલ માટે શૈક્ષણિક તૈયારી માટે રાજય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે.

દેશનું ભવિષ્ય આપના હાથમાં છે, તેવું કહી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ પ્રોજેક્ટ માટે ખૂબ વિચારણાબાદ આંગણવાડી બેનોને આ જવાબદારી સોંપવામાં આવી છે. હવે, રાજયના વિકાસના મજબૂત આધારસ્તંભનું નિર્માણ કરવામાં આંગણવાડીની બેનોની ભૂમિકા મહત્વની બની રહેશે.

સારું શિક્ષણ આપવા માટે સારા વાતાવરણનું નિર્માણ કરવું ખૂબ જરૂરી છે, તેવું કહી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બાળકોને ઉમદા શિક્ષણ આપવા માટે તેમની નજીક જવું ખૂબ જરૂરી છે. બાળકોને કેવી રીતે ખાવું, આ કેમ ખાવું પડશે, અક્ષર લેખન કેવી રીતે કરાય જેવી અનેક બાબતોનું ઘડતર આપના થકી થશે. આ સિંચનને બાળક જીવનભર યાદ રાખે છે.

આ પ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે આ પ્રોજેક્ટના પ્રચાર- પ્રસાર કરવા માટેના પોસ્ટર, કેલેન્ડર, પેમ્ફલેટ, રેડિયો માટે કીક્કી અને ટેલિવિઝનની ટુંકી ફિલ્મનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આંગણવાડીના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્મો રજૂ કરીને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તમામ બાળકોને સ્મૃતિ ચિહ્નન પણ મહાનુભાવોના હસ્તે અર્પણ કરાયા હતા.

આ પ્રસંગે આઈ.સી.ડી.એસના નિયામક શ્રી ડી.એન.મોદીએ આભારવિધી કરી હતી.

'પા પા પગલી' પ્રોજેક્ટના આરંભ પ્રસંગે યુનિસેફના ગુજરાત રાજયના વડા શ્રી પ્રશાંતા દાસા અને વિવિધ જિલ્લામાંથી આઈ.સી.ડી.એસ. પ્રોજેક્ટના અધિકારીઓ, આંગણવાડીની બેનો અન્ય આમંત્રિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એ.વી.વી. સ્કૂલમાં ક્રિસમસ ક્રાફ્ટ એક્ટિવીટી યોજાઈ



ગાંધીનગર, તા. ૨૩

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ક્રિસમસ ક્રાફટ એક્ટિવિટી યોજાઈ હતી. વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યની સાથે સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ રસ કેળવાય છે તે હેતુથી એ.વી.વી. સ્કૂલમાં ક્રિસમસ ક્રાફટ એક્ટીવિટી યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓને ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને તે પ્રમાણે બાળકોએ સાન્તાક્લોઝ ફેસ માસ્ક, સ્નો બોલ તથા સુંદર મજાના સાન્તાક્લોઝ બનાવ્યા હતા.

# સે-૧૯ ખાતે સુંદરકાંડના પાઠ



ગાંધીનગર, તા.૨૩

સેકટર-૧૯ ખાતે આઈ.કે. જાડેજાના નિવાસસ્થાને તેમના પ્તનિના શ્રધ્ધાંજલિ નિમિત્તે ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાયો હતો.